પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૫૭ | ૧૦ માર્ચ, ૨૦૧૮, શનિવાર ; ફાગણ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**લોન માફી માટે ૨૫ હજાર ખેડૂતોની મુંબઈ કૂચ**

ઓછા વરસાદના કારણે દેવામાં ડુબેલા નાસિક અને તેની આસપાસના વિસ્તારના ૨૫ હજાર જેટલા ખેડૂતો નાસિકથી મુંબઈની કૂચ કરશે. તેઓ સંપૂર્ણ લોન માફીની માંગણી કરી રહ્યા છે.

**મમતા રાજ્યસભા માટે કોંગીને ટેકો આપશે**

પશ્ચિમ બંગાળમાં રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર અભિષેક મનુ સીંઘવીને તૃણમુલ કોંગ્રેસ ટેકો આપશે તેવી જાહેરાત મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કરી છે.

**બળાત્કારના આરોપીને મધ્યપ્રદેશમાં દેહાંત દંડની સજા અપાશે**

૧૨ વર્ષની ઓછી વયની કન્યા પર બળાત્કાર કરનાર આરોપીઓને મધ્યપ્રદેશમાં હવે મૃત્યુદંડની સજા ફરમાવવામાં આવશે. બળાત્કારના આરોપીઓને મૃત્યુદંડ ફરમાવનાર રાજસ્થાન બાદ મધ્યપ્રદેશ બીજુ રાજ્ય બન્યુ છે.

**દોકલામમાં પરિસ્થિતિ યથાવત્ જ : વી.કે.સિંહ**

દોકલામ અને તેની આસપાસના વિસ્તારમાં આમને સામને જેવી પરિસ્થિતિમાં કોઈ નવી ઘટના નથી બની અને એ વિસ્તારની પરિસ્થિતિ 'જૈસે થે' હોવાનું વિદેશ મંત્રાલયના રાજ્ય કક્ષાના પ્રધાન વી. કે. સિંહે જણાવ્યું હતું. ગયા વર્ષે ઓગસ્ટમાં ભારત અને ચીને બંને દેશના લશ્કરી દળોની આમને સામને પરિસ્થિતિનો અંત લાવવાનો નિર્ણય લીધો હતો.

# ઈચ્છામૃત્યુના અધિકારને શરતી માન્યતા

**સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદો : જેની સારવાર શક્ય નથી તેવી ગંભીરરીતે બિમાર રહેલી વ્યક્તિ ઇચ્છામૃત્યુ વસિયત લખી શકે : મેડિકલ બોર્ડ જ પેસિવ યુથેનેશિયા નક્કી કરશે : સુપ્રીમ**



નવી દિલ્હી,તા. ૯

સુપ્રીમ કોર્ટે આજે ઐતિહાસિક ચુકાદો આપતી વેળા ઈચ્છામૃત્યુની વસિયતને કાયદાકીય માન્યતા આપી દીધી હતી. સુપ્રીમે ઈચ્છામૃત્યુના અધિકારને કેટલીક શરતોની સાથે લીલીઝંડી આપી દીધી છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, લોકોને સન્માનપૂર્વક મરવાનો પણ પૂર્ણ અધિકાર રહેલો છે. સુપ્રીમ કોર્ટે પેસિવ યુથેનેશિયાને મંજુરી આપી હતી. સુપ્રીમ કોર્ટે ઈચ્છામૃત્યુની વસિયતને કાયદાકીય મંજુરી આપતી વેળા કેટલીક શરતો પણ લાગૂ કરી છે. સુપ્રીમે સાફ શબ્દોમાં કહ્યું છે કે, ગંભીરરુપથી બિમાર રહેલી દર્દી જેની સારવારની કોઈ શક્યતા નથી તે ઈચ્છા મૃત્યુ લખી શકે છે. ત્યારબાદ મેડિકલ બોર્ડ જ પેસિવ યુથેનેશિયા નક્કી કરશે.

કોર્ટે કહ્યું છે કે, લિવિંગવિલ કોણ કરી શકે છે તેની પ્રક્રિયા કેવી રહેશે આના માટે માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. કોઈપણ એવી વ્યક્તિની લાઈફ વિલને લઈને તપાસ કરવામાં આવશે જેને સંપત્તિ અથવા વિરાસતમાં લાભ થનાર છે. કોર્ટના ચુકાદા બાદ કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થઈ રહ્યા છે. ધારણા પ્રમાણે જ સુપ્રીમ કોર્ટે આ સંબંધમાં

● અનુસંધાન પાન-૭ પર

## ઈચ્છામૃત્યુ અંગે કોર્ટે શું કહ્યું

**લાઇફવિલને લઇને પુરતી ચકાસણી કરવામાં આવશે**

- ગંભીરરુપથી બિમાર રહેલા દર્દી જેની સારવાર શક્ય નથી તે ઈચ્છામૃત્યુની વસિયત લખી શકે
- ઈચ્છામૃત્યુ લખવામાં આવ્યા બાદ મેડિકલ બોર્ડ દ્વારા પેસિવ યુથેનેશિયા નક્કી કરવામાં આવશે
- લિવિંગ વિલ કોણ બનાવી શકે છે તેની પ્રક્રિયા શું રહેશે આના માટે માર્ગદર્શિકા જારી કરવામાં આવી
- કેન્દ્ર સરકારની દલીલ હતી કે, આને લઈને ડ્રાફ્ટ વિલ બનાવવામાં આવ્યું છે જેમાં લિવિંગ પાવર ઓફ એટર્નીની મંજુરી અપાઈ છે. આ તમામ ચીજો કોર્ટે માની લીધી છે
- કોર્ટે લિવિંગ વિલ અને ઈચ્છામૃત્યુના આ નવી જોગવાઈના દુરુપયોગને રોકવા માટે શરતો પણ લાગૂ કરી છે
- એવી કોઈપણ વ્યક્તિની લાઈફવિલને લઈને પૂર્ણ તપાસ કરવામાં આવશે. જેના કારણે સંપત્તિ અથવા વિરાસતમાં ફાયદો થનાર છે
- કેટલાક પ્રશ્નો એમ પણ થઈ રહ્યા છે કે, ગંભીર બિમારીનો સામનો કરી રહેલા લોકો પર ઈચ્છામૃત્યુની વસિતય લખવા માટે પરિવાર તરફથી દબાણ કરવામાં આવશે
- ચુકાદાના દુરુપયોગને રોકવા માટે સુપ્રીમ કોર્ટ તરફથી માર્ગદર્શિકા જારી કરવામાં આવી
- દરેક વ્યક્તિને ગર્વ સાથે મરવાનો પણ અધિકાર રહેલો છે

## કયા દેશમાં ઈચ્છામૃત્યુની જોગવાઈ

**અમેરિકા :** ઈચ્છામૃત્યુ ગેરકાયદે છે પરંતુ ઓરોગન, વોશિંગ્ટન અને મોન્ટાના રાજ્યામાં ડોક્ટરની સલાહ અને તેમની મદદથી ઈચ્છામૃત્યુને પરવાનગી આપવામાં આવી છે.

**સ્વિટ્ઝર્લેન્ડ :** જાતે જ ઝેરયુક્ત સોઈથી આત્મહત્યા કરવાની પરવાનગી છે, પરંતુ ઈચ્છામૃત્યુ ગેરકાનૂની છે.

**નેધરલેન્ડ:** ઈચ્છામૃત્યુને પરવાનગી આપવામાં આવી છે.

**બેલ્જિયમ :** સપ્ટેમ્બર ૨૦૦૨થી ઈચ્છામૃત્યુ કાયદેસર છે.

# જ્વેલર્સ સામે હવે જરૂરી મૂડીની પણ કટોકટી

**બેંકો દ્વારા લોન મંજુર કરનાર સ્ટાફની સંખ્યામાં વધારો : લોનની બાબત વધુ મુશ્કેલ રૂપ : નિકાસના ઓર્ડરો અટવાઈ પડ્યા**

નવીદિલ્હી, તા. ૯

પીએનબી કૌભાંડ બાદ જ્વેલર્સ સામે વર્કિંગ કેપિટલ કટોકટી સર્જાઈ ગઈ છે. કારણ કે બેંકો દ્વારા લોનની પ્રક્રિયાને વધુ કઠોર બનાવી દેવામાં આવી છે. જ્વેલર્સને ઝડપથી જરૂરી મૂડી મળી રહી નથી. બેંકો અને ધિરાણ આપનાર અન્ય સંસ્થાઓએ લોનની મંજુરી આપનાર સ્ટાફની સંખ્યામાં વધારો કરી દીધો છે. ફંડ આધારિત સહાયતા અને એલસી ખોલવા માટેની બાબત મુશ્કેલરુપ બનાવી દીધી છે. આ તમામના પરિણામ સ્વરુપે નિકાસના ઓર્ડરો ઉપર માઠી અસર થઈ રહી છે. ડાયમંડ જ્વેલરી મેન્યુફેક્ચર્સ અને રિટેલરો દ્વારા વર્કિંગ કેપિટલ કટોકટી હોવાની કબૂલાત કરી છે. બેંક અધિકારીઓ દ્વારા લોન મંજુર કરતા પહેલા વધુ સાવચેતી રાખવામાં આવી રહી છે. ઘણા બધા કાગળો માંગવામાં આવી રહ્યા છે. ઘણી પ્રક્રિયામાંથી જ્વેલર્સને નિકળવાની ફરજ પડી રહી છે. કઠોર ચકાસણી થઈ રહી છે. ૧૧૫ અબજના પંજાબ નેશનલ બેંક કૌભાંડ અને નિરવ મોદી તથા ગીતાંજલિ જેમ્સ કૌભાંડ સપાટી પર આવ્યા બાદથી જટિલ સ્થિતિ સર્જાઈ ગઈ છે. બે સપ્તાહ અગાઉ આ મામલો ખુલ્યા બાદથી ભારે ખળભળાટ મચેલો છે. બેંકોને એકાએક નવેસરની લોન મેળવવાની બાબત મુશ્કેલરુપ બની ગઈ છે. આના માટે બે મુખ્ય પરિબળો કામ કરી રહ્યા છે. પ્રથમ પરિબળ એ છે કે, વર્તમાન નાણાંકીય વર્ષની પૂર્ણાહૂતિ થવા આવી છે. આ ગાળામાં મોટાભાગની કંપનીઓએ

● અનુસંધાન પાન-૭ પર

# યુપીની પેટા ચૂંટણીમાં સપા માટે ૧૦૦ સભા કરવા માયાનો આદેશ

**માયાવતીના કાર્યકરો સપાને પુરતી મદદ કરશે : હાલ કરવામાં આવેલ સમજુતી મુજબ બન્ને પાર્ટી ભાજપને હાર આપવા માટે તમામ તાકાત લગાવી રહી છે**

લખનૌ,તા. ૯

ગોરખપુર અને ફુલપુર લોકસભાની સીટો પર યોજાનાર પ્રતિષ્ઠિત પેટાચૂંટણીને લઈને ભાજપની સામે જોરદાર ટક્કર લેવા આ વખતે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટીએ કમર કસી લીધી છે. પેટાચૂંટણીને લઈને બહુજન સમાજવાદી પાર્ટીના વડા માયાવતીએ પોતાની પાર્ટીના કાર્યકરોને સમાજવાદી પાર્ટી માટે પ્રચાર કરવા સુચના આપી છે. માયાવતીએ બન્ને લોકસભા ક્ષેત્રમાં ઓછામાં ઓછી ૧૦૦ નુક્કડ સભા કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. ગુરૂવારના દિવસે થયેલી બેઠકમાં ચૂંટણી પ્રચાર માટે રણનિતી પર ચર્ચા કરવામાં આવી હતી. માયાવતીએ પોતાના નજીકના રાજ્યસભા સાંસદ અશોક સિદ્ધાર્થ અને અન્ય કેટલાક મોટા નેતાને પ્રચાર પર નજર રાખવા માટે સુચના આપવામાં આવી છે. બસપના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે અમને એટલી જ મહેનતથી પ્રચાર કરવા માટે કહેવામાં આવ્યુ છે જેટલી મહેનત અમે અમારી પાર્ટી માટે કરીએ છીએ. હાલમાં જ માયાવતીએ બન્ને સીટો પર સમાજવાદી પાર્ટીને સમર્થન કરવાની જાહેરાત કરી હતી. આના બદલે સમાજવાદી પાર્ટી બહુજન સમાજવાદી પાર્ટીની રાજ્યસભા ચૂંટણી માટે મદદ કરનાર છે.



સુત્રોએ કહ્યુ છે કે બુથ લેવલ કાર્યકરોને પોતાના ક્ષેત્રમાં ડોર ટુ ડોર કેમ્પેન કરવા માટે પણ કહેવામાં આવ્યુ છે. બહુજન સમાજવાદી પાર્ટીમાંથી હાકી કાઢવામાં આવેલા ઈન્દ્રજીત સરોજ હવે સમાજવાદી પાર્ટીમાં છે. હાલમાં ફુલપુરમાં આ પ્રચારનુ તેઓ નેતૃત્વ કરી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે બન્ને સીટ પર ૧૧મી માર્ચના દિવસે મતદાન થનાર છે. જ્યારે ૧૪મી માર્ચના દિવસે પરિણામ જાહેર કરવામાં આવનાર છે. ફુલપુર સીટ કેશવ પ્રસાદ મૌર્ય અને ગોરખપુર સીટ યોગી આદિત્યનાથના રાજીનામા બાદ ખાલી થઈ છે. ચૂંટણી ખુબ રોમાંચક બનનાર છે.

# ત્રિપુરામાં વિપ્લવ કુમારે નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા




નવીદિલ્હી,તા. ૯

ત્રિપુરામાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ મેળવી લીધા બાદ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં વિપ્લવકુમાર દેવે ત્રિપુરાના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. શપથવિધિ કાર્યક્રમમાં મોદીએ ઉપસ્થિત રહીને સંબોધન પણ કર્યું હતું. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ઈતિહાસ ત્રિપુરાની આ ચૂંટણીને હમેશા યાદ રાખશે. અમારી નવી સરકારના નવા ચહેરાઓ ત્રિપુરાને નવી ઉંચાઈ ઉપર લઈને જશે. વડાપ્રધાને અહીં કોરબરોક ભાષામાં તમામનું અભિવાદન કર્યું હતું. મોદીએ કહ્યું હતું કે, આજે ત્રિપુરામાં ફરી એકવાર દિવાળી આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, જે લોકોએ વોટ આપ્યા નથી તે લોકોની પણ આ સરકાર છે. જે વિપક્ષમાં આવ્યા છે તેમને તેમની અપીલ છે કે, જે કંઈપણ અનુભવ રહેલા છે તે અનુભવ એકબીજા સાથે વહેંચીને આગળ વધવામાં આવે. સત્તા પક્ષ અને વિપક્ષ સાથે મળીને આગળ વધે તો ત્રિપુરાને નવી ઉંચાઈ પર લઈ જવામાં મદદ મળશે. વડાપ્રધાને મહારાજા વિક્રમસિંહને યાદ કર્યા હતા. વિકાસના વચનો ઉપર મોદીએ કહ્યું હતું કે, દરેક નાગરિક અમારા નાગરિકો છે. સત્તા પક્ષ અને વિપક્ષના તમામ ધારાસભ્યો સાથે મળીને કામ કરશે. ત્રિપુરા ચૂંટણીના સંદર્ભમાં મોદીએ કહ્યું હતુ કે, ત્રિપુરાની ચૂંટણી એવા કેટલાક રાજ્યોની ચૂંટણી તરીકે રહી છે જેની ચર્ચા ઈતિહાસમાં પણ થશે.

# ચાર વર્ષ પહેલાં દેશ શું બ્લેક હોલ હતો : સોનિયા

**૨૦૧૯ની ચૂંટણીમાં મોદી સરકારના વચનોને મુખ્ય રીતે મુદ્દા બનાવાશે : રાહુલ પાર્ટીમાં પ્રાણ ફૂંકવાના પ્રયાસમાં**

નવીદિલ્હી,તા. ૯

લોકસભા ચૂંટણી પહેલા વિપક્ષને એકમત કરવાના પ્રયાસમાં રહેલા કોંગ્રેસ પાર્ટીના પૂર્વ પ્રમુખ અને સંસદીય દળના નેતા સોનિયા ગાંધીએ આજે ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. સોનિયા ગાંધીએ આક્ષેપો કરતા કહ્યું હતું કે, ભાજપે કોંગ્રેસની છાપ એક મુસ્લિમ પાર્ટી તરીકે ઉભી કરી છે જેના કારણે પાર્ટીને ચૂંટણીમાં નુકસાન થયું છે. તેમણે ઉમેર્યું હતું કે, કોંગ્રેસ નેતા અને તેઓ પોતે મંદિરોમાં જતા રહ્યા છે. પાર્ટી અધ્યક્ષનો હોદ્દો છોડી દીધા બાદ પ્રથમ વખત સોનિયા ગાંધીએ આત્મવિશ્લેષણ કરીને ભાષણ આપ્યું હતું. સાથે સાથે પોતાની નબળાઈઓ અને ભારતમાં લોકશાહીની ભૂમિકા સહિતના વિષય ઉપર વાત કરી હતી. એક સમાચાર ચેનલના કાર્યક્રમમાં સોનિયા ગાંધીએ સાફ શબ્દોમાં



કહ્યું હતું કે, લોકશાહીમાં ચર્ચા અને મતભેદ બંને સ્વીકાર્ય છે પરંતુ એક તરફી હોવા જોઈએ નહીં. ૨૦૧૯માં પાર્ટી ફરી સત્તા ઉપર

● અનુસંધાન પાન-૭ પર

# ભારતે સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદમાં પાકિસ્તાનને ઝાટક્યું

**પાક. ભારતની આંતરિક બાબતોમાં દખલગીરી કરી પરિષદને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે છે**

ન્યુ દિલ્હી,તા.૯

આંતરરાષ્ટ્રીય મંચ પર કાશ્મીરનો મુદ્દો ઉઠાવવા પર ભારતે પાકિસ્તાનને ફરી એકવાર સણસણતો જવાબ આપ્યો છે. જિનેવા સ્થિત સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના ૩૭માં સત્રમાં પાકિસ્તાને કાશ્મીરમાં કથિય માનવાધિકારોનું ઉલ્લંઘનનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ મુદ્દે જવાબ આપવાના પોતાના અધિકારનો ઉપયોગ કરતા ભારતે ગુરુવારે કડક પ્રતિક્રિયા આપી હતી. ભારતે કહ્યું હતું કે, પાકિસ્તાનની એ આદત બની ગઈ છે કે, તે ભારતની આંતરિક બાબતોમાં દખલગીરી કર જમ્મૂ-કાશ્મીર મુદ્દે પરિષદને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે છે.

ભારતીય પ્રતિનિધિએ પાકિસ્તાના આ વલણ પર સખત વિરોધ નોંધાવ્યો હતો. પાકિસ્તાનના કથિત માનવાધિકારો સાથે સંકળાયેલા આરોપો પર ભારતે કહ્યું હતું કે, પરિષદને જણાવવામાં આવે છે કે માનવાધિકારોને લઈને ખોટી ચિંતા એ દેશ તરફથી કરવામાં આવી રહી છે જેને બલૂચિસ્તાન, સિંધ, ખૈબર પખ્તૂનખ્વા અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરના લોકો પર જુલ્મો કર્યા છે. પાકિસ્તાન લાંબા સમયથી માનવાધિકારોની બાબત ગણાવીને પોતાની ક્ષેત્રીય મહત્વાકાંક્ષાઓ અને આતંકવાદને પોતાની સ્ટેટ પોલિસીના ભાગરૂપે કરાયેલા ઉપયોગને છુપાવવાનો પ્રયાસ કરતું આવ્યું છે. ભારતે ક્રમાનુંસાર પાકિસ્તાનની હકીકત દુનિયા સામે રજુ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે
સેવાભાવી સંસ્થાના રસોડા માટે
સેવાભાવી ભાઈઓ તથા બહેનો રસોઈના જાણકાર તથા સાફ સફાઈ કામ માટે. રહેવાની/જમવાની સગવડ મળશે.
૭૨૨૭૦૨૦૭૦૯
મો. ૭૨૨૯૦૨૦૭૦૯

On the Occasion of MARRIAGE, Hastashilpi presents
હસ્તશિલ્પી
સિલ્કઇન્ડિયા™ 2018
Entry Free 9 Days Only
Exhibition cum sale of silk products across the country
Fortune Inn Haveli Imperial Hall
(Above Radhe Sweets), Sector - 11, Gandhinagar
From 9th to 18th March 2018
Time 10.30 am to 8.30 pm
પ્રદર્શિત થનારા ઉત્પાદનો : બિહાર: ઓર્ગેનિક ટેસારી સિલ્ક સાડીઓ, સૂટ અને સ્ટોલ્સ, કર્ણાટક: ક્રિપ સિલ્ક, જોર્જિયેટ સિલ્ક, એરિની સિલ્ક અને પ્રિન્ટેડ સાડીઓ, તામિલનાડુ: કાંજિવરમ્ સિલ્ક સાડીઓ અને ડિઝાઇનર ફેન્સી સાડીઓ, આંધ્ર પ્રદેશ: ધર્મવરા, ઉપ્પડા, ગઢવાલ, મંગલગીરી અને પોચમપલ્લી સાડીઓ, ઉત્તર પ્રદેશ: મલબારી સિલ્ક, જામદની, જામવર સિલ્ક સાડીઓ અને શિફોન સિલ્ક, મહારાષ્ટ્ર: ડિઝાઇનર ડ્રેસ મટિરીયલ્સ, પંજાબ: પટિયાલા ડ્રેસ મટિરીયલ્સ, ઓરિસ્સા: સંબલપુરી, ઇક્કત, બોમકાઈ સાડીઓ, હેન્ડલૂમ સિલ્ક કોટન, છત્તીસગઢ: વિશિષ્ટ રૉ સિલ્ક સાડીઓ, કોસા સિલ્ક, ટેસ્સાર સૂટ અને દુપટ્ટા, મધ્ય પ્રદેશ: મહેશ્વરી, ચંદેરી સિલ્ક સાડીઓ અને સૂટ, પશ્ચિમ બંગાળ: બાલુચરી, ઢાકા મસલી, ગિચા સાડીઓ, બૂટિક સાડીઓ, કન્થા સાડીઓ, ઝરદોશી, આસામ: મુગા અને એરી સિલ્ક સાડીઓ, જમ્મુ-કાશ્મીર: ચિનોન સિલ્ક, ટેબી સિલ્ક પ્રિન્ટેડ સાડીઓ, પશ્મીના શાલ અને સૂટ, રાજસ્થાન: કોટા સિલ્ક, હેન્ડ બ્લૉક પ્રિન્ટ ડ્રેસ અને સાડી, ગુજરાત: બાંધણી ડ્રેસ અને કૂર્તા અને બીજું ઘણું બધું...
Entry Free | All Credit & Debit Cards Accepted | Contact : +91 - 85534 16929 / +91 - 97560 25995
(Registered with O/o D C (H), Ministry of Textiles,) Govt. of India
Organised by : hastashilpi



## બેસણું



અમારા પ.પૂ. પિતાશ્રી **રમણભાઈ વીસાભાઈ પટેલ** (ઉંઝાવાળા-નિવૃત, રિસર્ચ ઓફીસર, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો કચેરી, ગાંધીનગર) નો ફાગણ વદ ૫ ને મંગળવાર તા. ૬-૩-૨૦૧૮ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૧-૩-૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ સેવા ટ્રસ્ટ, વિશ્વકર્મા મંદિરની સામે, શ્રી ઉમિયા માતાજી મંદિરની પાછળ, સે.૧૨, ગાંધીનગર**

| | |
|---|---|
| ગોવિંદભાઈ વીસાભાઈ પટેલ(ભાઈશ્રી) | ગં.સ્વ. મણીબેન રમણભાઈ પટેલ |
| કૌશિક ગોવિંદભાઈ પટેલ | ધર્મેન્દ્ર રમણભાઈ પટેલ(Civil Eng.) |
| સુરેશકુમાર નારાયણદાસ પટેલ | અનીતા સુરેશકુમાર પટેલ (પુત્રી) |
| ધર્મેન્દ્રકુમાર કૃષ્ણસિંહ જાડેજા | લીના ધર્મેન્દ્રકુમાર જાડેજા (પુત્રી) |

ફર્મ : રુચિ કન્સ્ટ્રક્શન કંપની, સુમન ટાવર, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય